**સુવિચાર**

સલાહ આપવી સૌ કોઈને ગમે છે. પણ સહકાર આપવો કોઈને ગમતો નથી.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૧૦/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૬૧




## અમીર અને ગરીબ વચ્ચેનું અંતર ઘટાડવામાં શાસકો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે

# શું કરે છે સરકાર ? વિશ્વમાં સૌથી વધુ ૨૩.૪ કરોડ ગરીબો ભારતમાં

### દેશનાં અર્થતંત્રનાં વિકાસ માટે ગરીબી નામનું સ્પીડબ્રેકર દૂર કરવું જરૂરી

### કારમી મોંઘવારી, બેરોજગારી અને શિક્ષણ અને આરોગ્યની કથળતી હાલત સુધારવી જરૂરી

### ગરીબોનાં કલ્યાણનાં નામે અનેક વ્યકિતઓ રોડપતિમાંથી કરોડપતિ બની ગયા અને ગરીબોની હાલત જૈસે થે

### જયાં સુધી શાસકો જાહોજલાલીભર્યા જીવનનો ત્યાગ નહી કરે ત્યાં સુધી ગરીબી દૂર થવી અસંભવ

અમરેલી, તા. ૧૮

મોંઘવારી અને બેરોજગારીના તમામ આંકડાઓ વચ્ચે એક રિપોર્ટ સામે આવ્યો છે જે ભારત માટે સૌથી નિરાશાજનક છે. ગ્લોબલ મલ્ટી ડાઈમેન્શનલ પ્રોવર્ટી ઈન્ડેકસ (MPI)ને ટાંકીને બહાર પાડવામાં આવેલ ડેટા જણાવે છે કે સમગ્ર વિશ્વમાં ભારતમાં સૌથી વધુ ગરીબો લોકો છે.

યુએનના વૈશ્વિક બહુપરિમાણીય ગરીબી સુચકાંક ૨૦૨૪ની યાદી ગુરૂવારે આવી. જે મુજબ સમગ્ર વિશ્વમાં ૧.૧ અબજથી વધુ લોકો અત્યંત ગરીબીમાં જીવી રહ્યા છે. જેમાંથી ભારતમાં ગરીબોની સંખ્યા સૌથી વધુ છે.


સૌથી વધુ લોકો ગરીબીમાં જીવતા પાંચ દેશો. જેમાં ભારત ટોપ પર છે. અહીં ૨૩.૪ કરોડ લોકો ગરીબ છે. જયારે પાકિસ્તાન બીજો નંબર પર છે અહીં ૯.૩ કરોડ લોકો ગરીબ છે.

ભારત (૨૩૪ મિલિયન)
પાકિસ્તાન (૯૩ મિલિયન)
ઈથોપિયા (૮૬ મિલિયન)
નાઈજીરીયા (૭૪ મિલિયન)

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (૬૬ મિલિયન) રિપોર્ટમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ પાંચ દેશોમાં કુલ ૧.૧ બિલિયન ગરીબ લોકોમાંથી લગભગ અડધા (૪૮.૧ ટકા) અહીં રહે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લગભગ ૫૮.૪ મિલિયન લોકો ૨૭.૯ અત્યંત ગરીબીમાં જીવે છે, પુખ્ત વયના ૧૩.૫% સરખામણીમાં વૈશ્વિક સ્તરે તમામ બાળકોનો %. તારણો એ પણ દર્શાવે છે કે વિશ્વની સૌથી ગરીબ વ્યકિતઓમાંથી ૮૩.૨% સબ સહારન આફ્રિકા અને દક્ષિણ એશિયામાં રહે છે. દરમિયાન ઓછી આવક ધરવતા દેશો, જેમાં વસ્તીના ૧૦.૨% નો સમાવેશ થાય છે. તે તમામ ગરીબ લોકો (૪૦૦ મિલિયન)માં ૩૪.૮% હિસ્સો ધરાવે છે. વધુમાં ૬૫.૨% ગરીબો (૭૪૯ મિલિયન) મધ્યક આવક ધરાવતા દેશોમાં રહે છે. સંઘર્ષ વિસ્તારોમાં ગરીબી અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે બીજા વિશ્વયુદ્ધ પછીના કોઈપણ સમય કરતાં ૨૦૨૩માં બીજા વિશ્વ યુદ્ધ પછીના કોઈપણ સમય કરતાં વધુ સંઘર્ષો ચાલી રહ્યા હતા. હિંસક સંઘર્ષ, આપત્તિઓ અથવા અન્ય પરિબળોને કારણે છોડીને ભાગી જવા માટે મજબૂર થયેલા લોકોની સંખ્યા ૧૧૭ મિલિયન સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી છે.

૧.૧ બિલિયન લોકોમાંથી, લગભગ ૪૦% એટલે કે ૪૫૫ મિલિયન લોકો સંઘર્ષ ઝોનમાં રહેતા ૨૧૮ મિલિયન વ્યકિતઓ, ૩૩૫ મિલિયન નાજુક અથવા સંઘર્ષ અસરગ્રસ્ત વિસ્તારોમાં અને ૩૭૫ મિલિયન લોકો એવા વાતવરણમાં રહે

**અનુસંધાન પાના ૬ ઉપર**






### ફાટક ઉતરતા જ જીવતેજીવ સૌને નર્કાગારનો થાય અનુભવ

# અમરેલીમાં લીલીયા માર્ગ પર ચાલવું એટલે લોઢાનાં ચણા ચાવવા જેવું

લીલીયા માર્ગ પર અનેક રહેણાંક સોસાયટીઓ, ધાર્મિક સ્થાનો, સરકારી વિભાગો આવેલા છે

ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર ગાબડાઓ વચ્ચેથી માર્ગ પસાર થતો હોય તેવું સૌને લાગે

ટુ–વ્હીલર અને ફોર વ્હીલર ચાલકની કમરમાં દુઃખાવો શરૂ થાય તેટલી હદે બિસ્માર માર્ગ

પાલિકા અને માર્ગ–મકાન વિભાગ યુધ્ધનાં ધોરણે માર્ગની મરામત કરે તેવી માંગ





અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરમાં રખડતા પશુઓ, આડેધડ વાહન પાર્કિંગ, ત્રિપલ સવારી બાઈક, અનિયમિત પાણી વિતરણ, બંધ સ્ટ્રીટલાઈટ જેવી સમસ્યાઓનું નિરાકરણ કરવામાં શાસકો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે અને હવે તેમાં બિસ્માર માર્ગોની સમસ્યાનો પણ વધારો થયો છે.

અમરેલીમાં મહત્વનો માર્ગ કે જયાં અનેક રહેણાંક સોસાયટી, ધાર્મિક સ્થાનો અને સરકારી બિલ્ડીંગ આવેલ છે તેવા લીલીયા માર્ગ ઉપર ફાટક ઉતરતાં રાહદારીઓ અને વાહનચાલકો સહિત સૌ કોઈને જીવતે જીવ નર્કાગારનો સામનો કરવો પડે તેટલી હદે માર્ગ બિસ્માર બન્યો છે.

ટુ–વ્હીલર કે કાર ચાલકનાં કમરનાં હાડકા તોડી નાખે તેવા માર્ગ ઉપરથી અધિકારીઓ અને પદાધિકારીઓ પણ પસાર થતા હોવા છતાં કોઈને બિસ્માર માર્ગની સમસ્યા દૂર કરવાનું યાદ અવાતું ન હોય શહેરીજનોમાં નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ૩ દાયકા પહેલાનાં સમયમાં હજારો ચાહકો ધરાવતાં

## અમરેલીનાં યુવા અગ્રણી કૌશિક કોટડીયાને તેઓની ૨૮મી પુણ્યતિથિએ શુભેચ્છકોએ યાદ કર્યા

**હું રંગ છું મારા મિત્રોના ચહેરાનો જેટલા એ ખુશ થશે તેટલો હું નિખરતો જઈશ**



અમરેલી, તા. ૧૮

અમરેલી દિવંગત કૌશિકભાઈ કોટડીયાના વ્યકિતત્વ ઉપર બંધ બેસતા શબ્દો આજે યાદ આવે છે. અડીખમ ભેરૂબંધ, અડધી રાતનો હોકારો અને સિંહનું કાળજું ધરાવતા ભાઈ કૌશિકભાઈની વિદાયને આજે ૨૭ વર્ષ જેટલા વાણાં વાઈ ગયા છે. તેમ છતા આ અડાબીડ ભાઈબંધની ખુમાણી, વટ અને રખાવટ સતત યાદ આવે છે અને અત્યારના સંકિર્ણ રાજકારણને જોતા ખરેખર એક મોટા મનનો નેતા અને પ્રજાનો સેવક કેવો હોય તેવી સુવર્ણ સ્મૃતિ અમરેલી તેમના સમકાલીન લોકોના માનસપટ પર ઉભરી આવે છે.

તેમના અવસાનથી પુર્વ કેન્દ્રીય મંત્રી સ્વ.મનુભાઈ કોટડીયાએ માત્ર પુત્ર જ નહીં પણ તેમના રાજકીય યુધ્ધનો સર સેનાપતિ પણ ગુમાવેલ. ખેડુત પુત્ર મનુભાઈ કોટડીયાના ભવ્ય રાજકીય વારસાને આગળ વધારવા સર્વ રીતે સમર્થ દિવંગત કૌશિકભાઈ પોતાના ટુંકા જીવનકાળ દરમ્યાન પોતાની ક્ષમતાનો ચમકારો બતાવી ગયા હતા. સમુહ લગ્નોનાં આયોજન હોય, ૧૯૯૪/૯૫માં આવેલ કોડીનાર પુર હોનારત હોય, સુરતમાં આવેલ પ્લેગની મહામારી દરમ્યાન લોકોની સેવા હોય, દિવંગત કૌશીકભાઈ કોટડીયા હંમેશા એગ્રસર રહ્યા હતા.

આજે તેમની "૨૮ મી પુણ્યતિથી" છે ત્યારે ફરી એકવાર આ "લડાયત નેતા"ને યાદ કરવામાં આવી રહ્યાં છે. તેમનાં સ્વપ્નો જે તેમણે જીલ્લા માટે જોયા હતા તે પુર્ણ કરવાની પ્રતિજ્ઞા શૈલેષભાઈ સહિતનાં શુભેચ્છકોએ લીધી હતી.

## અમરેલી : ગુરૂ રવિદાસ વિ મહાપીઠના પ્રમુખ તરીકે જીજ્ઞેશ દાફડાની વરણી

અમરેલી, તા. ૧૮

આંતરરાષ્ટ્રીય કક્ષાએ દુનિયાના ૨૨ દેશોમાં અને ભારતના ૨૬ રાજયોમાં સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિ મહાપીઠ સંસ્થા કાર્યરત છે આ સંસ્થા દ્વારા સંત શિરોમણીર વિદાસ મહારાજના વિચારો, કાર્યો તેમજ સામાજિક જન જાગૃતિ અને પ્રચાર પ્રસાર માટે કાર્ય કરે છે ત્યારે આ સંસ્થાના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ દુષ્યંત કુમાર ગૌતમ (પુર્વ સાંસદ, રાજય સભા, મહામંત્રી આત્મારામ પરમાર (પુર્વ કેબિનેટ મંત્રી ગુજરાત સરકાર), ગુજરાત પ્રદેશ અધ્યક્ષ આર.એમ. પટેલ (પુર્વ ધારાસભ્ય, રીટા.આઈ.એ.એસ) દ્વારા ગુજરાત રાજયના તમામ જીલ્લા વાઈઝ સંગઠનના માળખાની રચના કરવા આવી છે ત્યારે અમરેલી જિલ્લાના પ્રમુખ તરીકે યુવા, એડવોકેટ,



સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા, રાજય સરકારના રાજય કક્ષાના એવોર્ડ વિજેતા જીજ્ઞેશ દાફડાની નિમણૂક કરવામાં આવી છે જીજ્ઞેશભાઈ સાથે સંકળાયેલા મિત્રો દ્વારા શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે આવનાર સમયમાં અમરેલી જિલ્લા સંગઠનના માળખાની જાહેરાત કરવામાં આવશે.

## બગસરા : NDPS ગુનામાં નાસતો ફરતો લીસ્ટેડ આરોપી ઝડપાયો

અમરેલી, તા. ૧૮

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે બગસરા પોલીસ સ્ટેશન એનડીપીએસ કલમ ૮(સી), ૨૦ (બી)(II), ૨૯ મુજબના કામનો આરોપી કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતો હોય. મજકુર લીસ્ટેડ આરોપી કલ્પેશ નરેન્દ્રભાઈ પારઘી (રહે. કુપરી, તા. આનંદપુરી, જિ.બાસવાડા (રાજસ્થાન) વાળાને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના કાશીપુરા ગામેથી





પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## જેજાદ ગામની સીમમાં જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા



અમરેલી, તા. ૧૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલ ની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ વંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમીના આધારે જેજાદ ગામની સીમમાં આવેલ નાના ઈરીયા હનુમાનજી મંદિરની સામે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા મનસુખભાઈ નાથાભાઈ વાઘેલા, ગોદડભાઈ અમરૂભાઈ ગરણીયા, (રહે. વાંશીયાળી, તા. સાવરકુંડલા), જીતુભાઈ વજુભાઈ જમોડ (રહે. જેજાદ, તા. સાવરકુંડલા), કેશુભાઈ લાલજીભાઈ પરમાર, (રહે. નવાગામ, તા. ગારીયાધાર) વાળા ચાર ઈસમોને રોકડ રકમ ૧૭,૨૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૪ કિંમત રૂા. ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૭,૨૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ વંડા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### નયનાબેન રમેશભાઈ પરમાર નામની

## ધારીનાં ગઢીયા ગામની યુવતી અકસ્માતે કૂવામાં પડી જતાં મોતને ભેટી

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૮, ધારી તાલુકાના ગઢીયા ગામે રહેતી નયનાબેન રમશેભાઈ પરમાર નામની ૨૧ વર્ષિય યુવતી તા. ૧૬ના સાંજે ૪ વાગ્યે ગઢીયા ગામની સીમમાં રમેશભાઈ પરમારની વાડીએ કુવામાંથી પાણી ભરવા ગયેલ હોય. ત્યારે તેણીનો અકસ્માતે પગ લપસી જતા તેણી કુવામાં પડી જતા પાણીમાં ડુબી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### બાબરાનાં મોટા દેવળીયા ગામની ઘટના

## પત્ની રિસામણે હોવાથી મનમાં લાગી આવતા પતિએ ઝેરી ટીકડા ખાઈ લીધા

**સારવાર દરમિયાન યુવકનું મોત નિપજયુ**

અમરેલી, તા. ૧૮

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે રહેતા રાવજીભાઈ હીરાભાઈ બગડા નામનાં ૩૩ વર્ષિય યુવકના પત્ની દયાબેન છેલ્લા પાંચેક મહિનાથી તેમના પિયર રીસામણે હોય. જેથી યુવકને મનમાં લાગી આવતા તા. ૧૭ના રોજ ૧૧ વાગ્યે મોટા દેવળીયા ગામે પોતે પોતાની મેળે અનાજમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### શિક્ષક સોસાયટીમાંથી ૨ ભાઈઓ ઝડપાયા

## મોટી કુંકાવાવમાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની ૭ બોટલ ઝડપી લેવાઈ

**પોલીસે કુલ ૩ ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૧૮

મોટી કુંકાવાવ ગામે આવેલ શિક્ષક સોસાયટીમાં રહેતા મયુર રાવતભાઈ રાઠોડ તથા રાહુલ રાવતભાઈ રાઠોડ નામનાં આરોપીઓએ પોતાના રહેણાંક મકાનમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ–૭ કિંમત રૂા. ૩૨૦૫ નો મુદામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર મળી આવી તથા સદરહું રેઈડમાં પકડાયેલ મુદામાલનો આરોપી હીરેનભાઈ ગોવિંદભાઈ લીંબડીયા (રહે. મોટી કુંકાવાવ) પાસેથી લાવેલ હોવાનું ઝડપાયેલા આરોપીએ જણાવતા ત્રણેય સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# બાબરામાં મેલડી મા મંદિરે આયોજિત નવરાત્રિ મહોત્સવમાં ૨૫૦૦ દીકરીઓ સહિત સ્વંયસેવકને લ્હાણી વિતરણ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વડલીવાળી મેલડીમાંના મંદિરે આસો નવરાત્રીનું ભવ્ય આયોજન માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં બાબરા શહેર સહિત તાલુકાની ૩ વરસ થી ૧૭ વરસની ૨૫૦૦ જેટલી દિકરીઓનું મંદિર વહીવટી વિભાગમાં રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. અહીં મેલડીમાં સાનિધ્યમાં અને રાજુભાઈ જેઠવાના માર્ગદર્શન હેઠળ ભવ્ય નવરાત્રિ યોજાય હતી. જેમાં દીકરીઓ અને મહિલાઓ પ્રાચીન અને અર્વાચીન રાસે રમી માતાજીની આરાધના કરી હતી. નવરાત્રી પૂર્ણ થયે રજિસ્ટ્રેશન થયેલ તમામ ૨૫૦૦ દીકરીઓ તેમજ નવ દિવસ પછી અહીં નવરાત્રીમાં સેવા આપી પોતાનું યોગદાન આપનાર સ્વંયસેવક સેવક ભાઈઓ તેમજ બહેનોને રાજુભાઈ જેઠવા તરફથી લ્હાણી કરવામાં આવી હતી જેમાં વાસણમાં સ્ટીલની પાણી હેલ, પવાલા સહિત અન્ય જરૂરી ચીજવસ્તુઓ તેમજ રોકડ રકમ અર્પણ કરવામાં આવી હતી.

## બાબરાનાં ચમારડી ગામે ભામાશા ગોપાલ વસ્તરપરા દ્વારા ઐતિહાસિક કાર્ય થવા જઈ રહ્યું છે

# વીરસપુતોની પ્રતિમાની અનાવરણવિધિ નિમિત્તે લોકડાયરો યોજાશે

**આગામી ૩૧ ઓકટોબરનાં રોજ સરદાર પટેલ જયંતીનાં દિવસે રાજકીય અને સામાજિક મહાનુભાવો ઉપસ્થિત રહેશે**

**લોકસાહિત્યકાર દેવાયતભાઈ ખવડ, કોકિલકંઠી લોકગાયિકા અલ્પાબેન પટેલ, હાસ્ય કલાકાર સુખદેવભાઈ ધામેલિયા જમાવટ કરશે**

**ગાગર જેવડા ગામનાં પાદરને નવોઢાની જેમ શણગાર કરવામાં આવી રહ્યો છે**

**અમરેલી જિલ્લા સહિત દેશમાં કોઈ સ્થળે ન થયું હોય તેવું કાર્ય પાર પાડવા તૈયારીઓ**



અમરેલી, તા. ૧૮

અખંડભારતનાશિલ્પીઅને લોહપુરૂષ સરદાર પટેલની ૧૪૯મી જન્મ જયંતી નિમિત્તે બાબરા તાલુકાના ચમારડી ગામના જાણીતા ઉદ્યોગપતિ અને પોતના માદરે વતન માતૃ ભૂમિ ચમારડી ગામ સહિત આસપાસ વિસ્તારમાં ગરીબોના મસિહા ગણાતા એવા જાણીતા ભામાશા ગોપાલ વસ્તરપરા દ્વારા આગામી ૩૧મી ઓકટોબર સરદાર સાહેબની ૧૪૯મી જન્મ જયંતી નિમિત્તે ચમારડી ગામના આંગણે એક રાષ્ટ્રીય કાર્યક્રમ થવા જઈ રહ્યો છે. ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલ, ડો. બાબાસાહેબ આંબેડકર, મહારાજ કૃષ્ણ કુમારજી, કેશુબાપા પટેલ, મહાત્મા ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, શહીદભગતસિંહ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ, શ્રી માંધાતા મહારાજ, દેવોના દેવ મહાદેવ, અશોકસ્તંભ આ દેશ માટે પોતાનું સર્વસ્વ બલિદાન આપનાર વીર સપૂતોની પ્રતિમાઓનું અનાવરણ કરી નાનકડાં એવા ચમારડી ગામમાં ઈતિહાસ રચાશે.

સમગ્ર કાર્યક્રમના મુખ્ય આયોજક ગોપાલ ચમારડી દ્વારા ધાર્મીક કાર્યક્રમોની હારમાળા વચ્ચે ચમારડી જનતા વિદ્યાલયના ગ્રાઉન્ડ ખાતે રાત્રીના ૯ કલાકે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં લોક સાહિત્યકાર દેવાયતભાઈ ખવડ, કોકિલ કંઠી લોકગાયિકા અલ્પાબેન પટેલ, લાલુભાઈ માલવીયા, હાસ્ય કલાકાર સુખદેવભાઈ ધામેલિયા સહિતના કલાકારો લોકડાયરાની જમાવટ બોલાવશે. ગોપાલભાઈ વસ્તરપરાના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા લાઠી, બાબરા, દામનગર, વડીયા, બગસરા, કુંકાવાવ સહિત સમગ્ર અમરેલી સહિત સૌરાષ્ટ્રના અનેક જિલ્લાના રાજકીય નેતાઓ અને સામાજિક અગ્રણીઓ તથા સાધુ સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમમાં હાજરી આપી વીર સપૂતો ગુણગાન ગાયને ધન્યતા અનુભવી ગોપાલભાઈ વસ્તરપરાએ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

---

### જગતાત ગણાતા ખેડૂતોની દિવાળી બગડી

## બાબરા પંથકમાં અતિવૃષ્ટિનાં લીધે ખેતીપાકોને વ્યાપક નુકસાન

**કોંગી અગ્રણી ચોવટીયાએ સહાય ચુકવવા માંગ કરી**

બાબરા, તા. ૧૮

બાબરા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ઉભા પાકને ખુબજ નુકસાન થયું છે જેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી રહ્યો છે. સિઝન પૂર્ણ થવા અને ખેડૂતો મગફળી, કપાસ સહિતના પાક લેવાની તૈયારી કરી રહ્યા હતા એવા સમયે વરસાદ વિલન બનતા ખેડૂતોના પાકને વેરણ સેરણ કરી મુકતા ખેડૂતો લાચાર બન્યા છે.

બાબરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ જસમત ચોવટિયાએ જણાવ્યું હતું કે, બાબરા, લાઠી સહિત અમરેલી જિલ્લામાં ખુબજ કમોસમી વરસાદનો માર ખેડૂતોને પડયો છે પણ હજુ જુલાઈથી સર્વે ની



સહાય મળી નથી અને આસો મહિનામાં પણ ખુબજ નુકસાન થયું છે. ત્યારે તમામ ખેડૂતોનો તાત્કાલિક અસરથી સર્વે કરી સહાય ચૂકવવામાં આવે.

રાજય સરકાર જો ખેડૂતોને સહાય ચૂકવવામાં કે સર્વે કરવામાં મોડું કરશે તો કોંગ્રેસ ખેડૂતોને સાથે રાખી ગામડે ગામડે શહેર શહેર સુધી ઉગ્ર આંદોલન કરી રોડ ચક્કાજામ કરશે.

---

## રાજુલા : પે. સેન્ટર શાળા નંબર ર માં રંગોત્સવ યોજાયો



રાજુલા, તા. ૧૮

રાજુલા પે સેન્ટર શાળા નંબર બે મા રાજુલા રંગોત્સવ સેલિબ્રેશન મુંબઈ દ્વારા આયોજિત આર્ટ કોમ્પિટિશનમાં શાળાના કુલ ૧૦૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જેમાં ૨૭ જુદા જુદા મેડલ્સ તેમજ અલગ અલગ ગિફ્ટ આર્ટીકલ્સ સાથે તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર સંસ્થા દ્વારા એનાયત કરવામાં આવેલ જેનું સેલિબ્રેશન આ શાળામાં થતા જેમાં એસ.એમ.સી અધ્યક્ષ મહમદભાઈ ગોરી તેમજ સભ્યો શિક્ષણવિદ ભરતભાઈ ગોસાઈ ઈસ્માઈલ ભાઈ ઈનાયતભાઈ લક્ષ્મીધર ફિરોજભાઈ કપાસી તેમજ ગ્રામજનોની હાજરીમાં આ મેડલ્સનું વિતરણ કરવામાં આવેલ જેમાં શાળાના આચાર્ય હરેશભાઈ ગોર તેમજ સમગ્ર સ્ટાફની મહેનતથી આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવેલ.

---

### ચેક રીટર્ન કેસમાં સજા ફટકારાઈ

## અમરેલી નાગરિક સહકારી બેન્કનાં બાકીદારને ર વર્ષની સજાનો હુકમ

**પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાની બાકીદારો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૧૮

અમરેલી નાગરિક બેંકમાંથી ચેક રીર્ટન થવાના કિસ્સાઓમાં આકરી સજા મળે અને ચેક રીર્ટનના બનાવો અટકે તેવી પ્રતિબધ્ધતા સાથે નાગરિક સહકારી બેંક આગળ વધી રહી છે. સલીમભાઈ ફિદાહુશેનભાઈ મીઠાણી તે પ્રો.પિન્ટુ ગૃહ ઉદ્યોગના રે.મીની કસ્બા, શેરીનં.૧, તારવાડી બેંકની કાયદેસરની રકમ બાકી હોય જે પેટે તેઓએ તેમના ખાતાનો ચેક આપતા તે ચેક તેમના ખાતામાં અપુરતું ફંડ હોવાના કારણે ચેક રીર્ટન થતા કાયદાકીય જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવાનો બેંકનો અધિકાર હોય અને અગાઉ પણ આ દિશામાં કડક પગલા ભરતા નાગરિક સહકારી બેંકે બાકીદારો સામે ચેક રીર્ટનના કિસ્સામાં કાર્યવાહી કરી હતી. ત્યારે વધુ એક વખત નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રીકવરી ઓફીસર અજયભાઈ નાકરાણીએ સલીમભાઈ ફિદાહુશેનભાઈ મીઠાણી વિરૂધ્ધ ધી. નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કર્યો હતો આ કાયદા હેઠળ થતા આર્થિક અનિયમિતતાના બનાવો અટકાવવા અને પ્રત્યે ગ્રાહકને સુરક્ષિત રાખવાના મુદે બેંકે કડક કાર્યવાહી કરી હતી. આ કેસમાં અમરેલીના થર્ડ એડીશનલ સિનિયર સિવીલ જજ અને એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવતા ચેકની રકમ રૂા. ૪૦,૦૦૦/– ફરીયાદ તારીખથી તથા ૯ ટકા વ્યાજનો હુકમ કરેલ છે સદર રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ છ માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. કોર્ટ તા. ૧૫/૧૦/૨૪ના રોજ હુકમ કરેલ છે. જેમાં બેંકના વકીલ તરીકે સંજયભાઈ ડી.ચાવડા અને અજયભાઈ જે રાઠોડ રોકાયેલ હતા.. તેમજ બેંકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે. તેવું બેંક મેનેવજર દિલીપભાઈ ધોરાજીયાની યાદીમાં જણાવ્યું છે.





વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ-૨૦૧૩ (૮-સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















# કૂતરૂં ને કીડી

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**

## કબુકબુ, આજા, આજા!

હસમુખ બોરાણિયા



નાનકડી રીષિકા અને ત્રિશા. બંને બહેનો દાદીમા પાસેથી દરરોજ વાર્તા સાંભળે. એક દિવસ રીષિકાએ કહ્યું, ' 'હું વાર્તા કહું ?'' દાદીમાએ નવાઈ પામતાં કહ્યું, હા રીષિકાએ કહેલી બાળ વાર્તા માણીએ.

એક મોટું શહેર. શહેર તો વધ્યાં જ કરે. નવી-નવી વસાહતો બન્યા કરે. આવી એક નવી વસાહતમાં પાંચેક શેરી. બીજી વસાહત વચ્ચે ખાલી ખેતર. વસાહતના છેડે ખાલી જમીન. અહીં એક કૂતરૂ બખોલ બનાવીને રહે. આખો દિવસ ખાવાનું શોધવા શેરીમાં રખડયા કરે, જે ખાવાનું મળે તે ખાઈને પેટ ભરી લે. બપોરના સમયે શેરીમાં છાંયો હોય ત્યાં આરામ કરે.

કૂતરાને તો નવી વસાહતમાં મજા-મજા હતી. નિત નવું ખાવાનું મળે ! શું-શું ખાવાનું મળે ખબર છે? કયારેક રોટલી, રોટલાં, ભાખરી, શાક, પૂરી, પાઉં, તો કયારેક વઘારેલી ખીચડી, દાળ ભાતને કયારેક પુલાવ પણ ખરો! શેરીના છેડે એક ચાટ મૂકેલી. તેમાં શેરીનાં બહેનો ખાવાનું નાંખે. કૂતરૂ તો મોજથી ખાય. એક દિવસ તો કૂતરૂ રાજી-રાજી થઈ ગયું. શું કામ ખબર છે ? કોઈકે ચાટમાં ક્રીમવાળાં બિસ્કિટ નાખ્યાં હતાં. સરસ સુગંધી! મીઠાં મીઠાં, ગળ્યાં ગળ્યાં! કૂતરાએ તો મોજથી બિસ્કિટ ખાધાં! મજા પડી ભાઈ મજા પડી !પછી તો કૂતરૂ રોજ રાહ જુએ, કોઈ ક્રીમવાળા બિસ્કિટ નાંખે છે! બે ચાર દિવસ થયા. હશે ત્યાં ફરી ક્રીમવાળા બિસ્કિટ મળ્યાં. કૂતરાને બિસ્કિટ ખાવાનું મન થઈ ગયું. વળી વિચાર્યુ અત્યારે ખાવાનું રોટલી, રોટલાં, પૂરી વગેરે તો છે જ. માટે બિસ્કિટ મૂકી રાખું તો ? સાંજે કે રાત્રે ભૂખ લાગશે ત્યારે ખાઈશ. એમ વિચારીને બિસ્કિટ મોંમાં પકડીને બખોલના એકખૂણામાં મૂકી દીધાં. બિસ્કિટ મોંમાં પકડેલાં તેથી ભાંગી ગયેલાં બખોલ બહાર ભૂકો પણ વેરાયેલો ! બિસ્કિટ બખોલમાં મૂકીને કૂતરૂ તો પાછું શેરીમાં આવી ગયું.

સાંજ સુધી શેરીમાં રખડતું. પછી બખોલમાં આવ્યું. રસ્તામાં ક્રીમવાળા બિસ્કિટના વિચારો આવતા હતા. સુગંધી મીઠાં મીઠાં ક્રીમવાળ બિસ્કિટ બખોલમાં બેસીને નિરાંતે ખાઈશ. એવા વિચારમાં ને વિચારમાં મોંમાં પાણી આવી જતું હતું બિસ્કિટ ખાવાની ઉતાવળમાં કૂતરૂ તો દોડયું બખોલ તરફ ! પણ આ શું ? બખોલમાં જઈને જોયું તો બિસ્કિટ ગાયબ ! થોડા ટુકડા બચ્યા હતા. કૂતરૂ તો રડમસ થઈ ગયું ! બેબાકળું થઈને ચારેતરફ જોવા લાગ્યું ! પછી નાકથી સૂંઘતું-સૂંઘતું બહાર ગયું! ને બધી વાત સમજાઈ ગઈ! બિસ્કિટ કયાં ગાયબ થઈ ગયાં !

કૂતરાએ જોયું તો બખોલની બહાર કીડીઓની હાર હતી. કીડીઓ પોતાના દર તરફ જતી હતી. પોતાના ભાગના બિસ્કિટના ટુકડા મોં વડે ઉપાડીને જતી હતી.

કૂતરાને આખી વાત સમજાઈ ગઈ. થોડી વાર માટે પસ્તાવો થયો. કે, ખાવાની સારી ચીજ મેં સંઘરીને રાખી. પણ હું ખાઈ ના શકયું. પણ પછી વિચાર આવ્યો કે, ભલે મને ખાવા ના મળ્યું પણ કેટલી કીડીઓનાં પેટ ભરાશે ? કીડીઓને ખોરાક મળશે ને?

દાદીમાએ ધીમેથી પૂછયું; '' પછી શું થયું ?''

રીષિકા બોલી, ''પછી કૂતરૂ તો બખોલમાં જઈને નિરાંતે ઊંઘી ગયું! જાણે કશું બન્યું જ નથી તેમ! આવું થયું બોલો.''

# ગાજયા મેઘ વરસે નહી



અર્થ : આ કહેવત એવા શેખીખોર માણસોને લાગુ પડે છે કે જે વાતવાતમાં બડાઈ મારતા હોય. મોટી મોટી વાતો કરતા હોય પણ કશું અમલમાં મૂકી શકતા ન હોય.

**વાર્તા:** એક વખત બે અજાણ્યા મુસાફરો જંગલમાંથી પસાર થતા હતા. એટલામાં વાદળ ઘેરાઈ આવ્યાં. થોડીવારમાં વીજળીના કડાકા થવા લાગ્યા અને વાદળો ગરજવા લાગ્યાં. એક મુસાફરે કહ્યું, 'ચાલો ભાઈ, આપણે કોઈ ઘટાદાર વૃક્ષ નીચે આશરો લઈ લઈએ. જેથી વરસાદમાં પલળી ન જવાય. વરસાદ પડી ગયા પછી ઉઘાડ નીકળશે એટલે આપણે આગળ વધીશું. બીજા મુસાફરે કહ્યું, ' ના ભાઈ ના, મારી સાથે ચાલતા રહો. વરસાદ નહીં આવે. કારણ કે તમે પેલી કહેવત નથી સાંભળી કે ભસતા કૂતરા કરડ નહીં અને ગાજયા મેઘ વરસે નહીં.' પહેલા મુસાફરે બીજા મુસાફરની વાતમાં વિસ મૂકી મુસાફરી ચાલુ રાખી. થોડા સમય પછી તેઓ એક ગામની નજીક પહોંચી ગયા. વાદળોની ગર્જના થંભી ગઈ. ગામની ધર્મશાળામાં પહોંચ્યા અને ઝરમર વરસાદ શરૂ થયો. પહેલા મુસાફરે કહ્યું, 'ખરેખર તમે સાચું કહ્યું હતું કે જે ગરજે છે તે વરસતા નથી.' પહેલા મુસાફરે હસતાં હસતાં કહ્યું, ' ભાઈ, આ કહેવત બડાશ હાંકતા, વાતોનાં વડાં કરતા એટલે કે લાંબી-ચોડી વાતો કરતા પણ બોલ્યું. પાળી ન શકતા લોકો માટે પણ વપરાય છે.'

# ગાંધીજીનો જીવનપ્રસંગ

**ચોરી ન કરી**

હાઈસ્કૂલના પહેલા જ પરીક્ષા વખતનો એક બનાવ નાંઘવા યોગ્ય છે. કેળવણી ખાતાના ઈન્સ્પેકટર જાઈલ્સ નિશાળ તપાસવા આવ્યા હતા. તેમણે પહેલા ધોરણના પાંચ શબ્દ લખાવ્યા તેમાં એક શબ્દ કેટલ (ઊંફહિંય) હતો. તેની જોડણી મે ખોટી લખી. માસ્તર મને બુટની અણી મારીને સામેના છોકરાની પાટીમાં જોઈ લઈ જોડણી સુધારવાનું કહે માસ્તર તો અમે એકબીજામાંથી ચોરી ન કરીએ જોતા હતા. એવું મે માનેલું બધા છોકરાના પાસે શબ્દો ખરા પડયાને એકલો હું ઠોઠ ઠર્યો. મારી મુર્ખાઈ મને માસ્તરે પાછળથી સમજાવી પણ મારા મન ઉપર તે સમજૂતિની કશી અસુર ન થઈ મને બીજા કદી ન આવડયું.
(સત્યનાં પ્રયોગોમાંથી)

સાફ સફાઈ કરના ભારત કી ઉત્કૃષ્ટ સેવા હૈ ।

સુવિચાર :
જેમનામાં નમ્રતા નથી તેઓ વિદ્યાનો સદઉપયોગ નથી કરી શકતા.

**- નામ : ઝહરા નગરીયા અબ્બાસભાઈ, ધોરણ : ૬**
**શાળા : પી.એન.વોરા વીધીયાની કેતન પ્રાથમિક શાળા (રૂપાયતન)**

# ગાંધીજીની કવિતા


સત્યના શણગાર છો તમે...
અહિંસાના અવતાર છો તમે...
ભારતની શાન છો તમે...
મારૂ સ્વાભિમાન છો તમે...
ચોખ્ખાઈના આગ્રહી છો તમે...
સમયના હઠાગ્રહી છો તમે...
ભારતની જાન છો તમે...
અમારૂ અભિમાન છો તમે...
ગુલામી ભગાડવા બન્યા સત્યાગ્રહી...
વગર હથિયારે આઝાદી તમે ગ્રહી...

**-જાદવ પાર્થ**
**ધોરણ ૪, શાળા : રૂપાયતન, અમરેલી.**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. જેના ઘરમાં કલહ કંકાસ થાય તે ઘરમાં રહેવાવાળાને જ્ઞાનમૃત ભકિતરૂપ અમૃત મળતું નથી.
૨. સૌદર્ય એ કલ્પના માત્ર છે. તમને સુંદર લાગે તે કૂતરાને સુંદર લાગતું નથી. સૌદર્ય આખમાં છે.
૩. સંસારની મોહિનીનો મોહ, સૌદર્યનો મોહ, વિષયોમાં મોહ છોડો. જેમ જેમ પરમાત્મા ઉપર પ્રેમ વધે તેમ તેમ વિષયો ઉપર ગુણ સૂગ આવે છે.
૪. આંખમાં કામ રાખી જગતને જોશો તો મોહ થશે. આંખમાં ઈશ્વરને રાખશો તો મોહનો નાશ થશે.
૫. રસ્તે ચાલતી સ્ત્રીમાં જેનું મન ફસાય તે દૈત્ય. પર સ્ત્રીનું ચિંતન કરે એ રાક્ષસ.
૬. ભોજનમાં વિષમતા ન કરો, કરે તેને સંગ્રહણીનો રોગ થાય છે.
૭. પૂર્વજન્મના પુણ્યનું જોર હોય ત્યાં સુધી પાપનું ફળ મળતું નથી.
૮. જીતેંદ્રિય છું તેવી ઠસક રાખશો નહીં. મનમાં વિષયો સૂક્ષ્મ રીતે બેઠા છે તેને તક મળતાં પ્રગટ થશે.
૯. જે શુક્રની સેવા કરે છે તે બલિ બને છે. (બ્રહ્મચર્ય પાળવાથી)
૧૦. જેને માથે નીતિનું છત્ર છે તેને કોણ મારી શકે ?

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) ભારતમાં ફલોરસ્પારનું ઉત્પાદન સૌથી વધારે કયા રાજયમાં થાય છે ? - ગુજરાત
(૨) ભારતનો પ્રમાણ સમય ગ્રીનીચ સમયથી છે ? - ૫ - ૩૦ કલાક આગળ
(૩) બોમ્બે હાઈ શેના માટે પ્રખ્યાત છે ? - પેટ્રોલિયમ ભંડાર
(૪) ભારતનો એક માત્ર સક્રિય જવાળામુખી કયા આવેલો છે ? - આંદમાનમાં
(૫) લિંગરાજ મંદિર કયા આવેલું છે ? - ભૂવનેશ્વર
(૬)ભારતમાં સૌ પ્રથમ ખાતરનું કારખાનું કયા સ્થપાયું હતું ? સીંદરી
(૭) એલિફન્ટાની ગુફાઓ કયા શહેરની પાસે આવેલી છે ? - મુંબઈ
(૮) ચારમિનાર કયા શહેરમાં આવેલો છે ? - હૈદરાબાદ
(૯) હિમાલયથી દક્ષિણે કન્યાકુમારી સુધીનું અંતર કેટલુ છે ? - ૩૨૧૪ કિ.મી
(૧૦) ભારતના મધ્યમાંથી પસાર થતું કયુ રેખાશંવૃત છે ? - ૮૨.૫ પૂર્વ રેખાશંવૃત

# ઝળહળ ઝાકળ


**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## સલાહનું સલાડ

આપણે માંદા પડીએ અને સાજા થવામાં વિલંબ થાય, તો તેના માટે જવાબદાર સલાહ સૂચનો ! 'ફલાણા ડોકટરની દવા કરી ?', ' આમાં આયુર્વેદ સિવાય ઉદ્ધાર નહીં !', 'હોમિયોપેથી અજમાવી ?', 'ટાઢ દેવડાવો', 'ફલાણી જગ્યાએ ટાણાસમા પગે લગાડો !', 'વહેલી તકે ઓપરેશન કરાવી લો, નહીંતર...', 'પાણીનો પ્રયોગ કરી જોયો ?' - માંદા માનવીની આ સલાહોનો મારો મૂંઝવી મારે.સાચી સલાહ સુલેહ કરાવે, ખોટી બને ઝઘડાની જનેતા ! - આપતા અને પામતા ખૂબ જાગૃત રહેવું પડે ! સલાહ આપવી સહેલી, લેવી અઘરી !

## પ્રયોગ - ૧૭
# મેગ્નેશિયમ ઓકસાઈડની બનાવટ

**હેતુ :** મેગ્નેશિયમ ઓકસાઈડ બનાવવો.
**સાધન :** મેગ્નેશિયમ પટ્ટી, મીણબત્તી, ચીપિયો
**રીત :** બે ઈંચ જેટલી મેગ્નેશિયમ પટ્ટી લો.
તેને ચીપિયાની મદદથી પકડી મીણબત્તીને જયોત પર ધરો.
**અવલોકન :** મેગ્નેશિયમ પટ્ટી આંખો આંજી નાખે તેજા પ્રકાશ સાથે સળગી ઊઠે છે.
સફેદ રાખ જેવો પદાર્થ બને છે.
**તારણ :** જે મેગ્નેશિયમ ઓકસાઈડ બને છે.



# પ્રયોગની પાંખે

**વિજ્ઞાન નગરી**
**પ્રકાશકઃ શ્રી બળવંત પારેખ**



**જહાજ વહાણ :**
પહેલાના સમયમાં માણસ પાણીમાં મુસાફરી કરવા માટે લાકડાના ભારાનો ઉપયોગ કરતા. પોર્ટુગીઝ લોકોને દુનિયામાં દરિયા દ્વારા મુસાફરી ખૂબ જ ગમતી હોવાથી તેઓએ ૧૪મી સદીના અંતમાં હોડી (સઢવાળી)ની શોધ કરી. જેને લોકોએ કારવેલ નામ આપ્યું. આ જ કારવેલે આધુનિક જહાજનું પ્રાથમિક મોડેલ બન્યું. ત્યારબાદ હોટેલો, સિનેમા થિયેટર, સ્વીમીંગપુલ વગેરે બધું જ હોય તેવા અત્યાધુનિક જહાજોનું નિર્માણ થયું.

# આત્માનું ઓજસ - ડો. પ્રકાશ ગજજર

## પ્રસાદ

**:: સંપાદક ::**
**દેવેન્દ્ર એલ. ત્રિવેદી (પુનીતપદરાજ)**




જિંદગીમાં કૌવત પ્રગટે છે આત્માના તીવ્ર ઓજસમાંથી. જયાં પણ એ જાગ્રત હોય છે ત્યાં માણસ જગત, જિંદગી કે મોત કશાની પરવા કરતો નથી. એનું જે એકમાત્ર લક્ષ્ય હોય છે એ જ એની નજર સામે ઝગમગ્યા કરતું હોય છે. એ સિવાય બીજા કશાનુંય સ્મરણ એને રહેતું નથી. બીજા કશામાં એની આંખોને કે મનને રસ પડતો નથી.

વિવિખ્યાત લેખક શેકસપિયર. એની પત્નીનું નામ એની. પેલો મૂળે લેખકને વધારે પડતો ધૂની. એટલે ઘણીવાર ઘરમાં એવો સમય આવી જતો કે ખાવાપીવાનાં પણ ફાંફાં. એક બાજુ એનાં લખેલાં નાટકો લોકોને મુગ્ધ કરે ને બીજી બાજુ હાંલ્લાં કુસ્તી કરે. કંટાળીને એકવખત એની કહે, 'ચાલો, આપણે ઝેર પીને મરી જઈએ.' 'જો મરવું જ હોય તો ઝેર પીને શા માટે મરવું? એ તો ક્ષુદ્ર માણસોની ક્ષુદ્ર રીત કહેવાય. આપણે મરીએ તો એવી રીતે મરીએ કે દુનિયા દંગ થઈ જાય. કાંઈક એવું કરીને મરીએ કે આપણને ગ્રહણ કરવામાં ખુદ મૃત્યુ પણ મગરૂર બને.'

આવા ઉમદા વિચારવાળા માણસને આપઘાત કરાવવાનું કાંઈ સહેલું છે? એની ને માટે તો ક્ષરિક ઊભરો હતો. એ બેસી ગયો. જીવન થાળે પડયું. ચડતી પડતી તો એ પછી પણ આવી. અનેક લોકોએ શેકસપિયરનો વિરોલ કરેલો. પણ એવા કોઈ જ વિરોધને ચૂક આપ્યા વગર એ તો પોતાના હિરર્જનના કાર્યમાં મંડયો જ ર. બીજી કોઈ જ વાતનો વિચાર કર્યા વગર એણે અમર સાહિત્યની રચના કરી પોતાનું નામ અમર બનાવી દીધું.

આ હતો આત્માના ઓજસનો વિજય. એની સામે મૃત્યુ ઝૂકી જાય. પછી બીજા કશાની તો વાત જ શી કરવાની ? એવી કોઈ તાકાત નથી, જે આ મહાનને દિવ્ય તત્વની સામે ટકી શકે. આપણી ફરજ છે આ ઓજસને વધારે ને વધારે જવલંત બનાવવાની, એને રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાની. 'આ આત્માનું ઓજસ વધે શી રીતે?' શિષ્ય આનંદે તથાગત બુદ્ધને એકવાર પ્રશ્ન પૂછેલો. તથાગતે જવાબ આપ્યો કે, 'સ્વ'ને ઓળખવાથી ને અન્યનું અનુકરણ છોડવાથી આત્માનાં ઓજસ જાગે.' સાવ સાદો નિયમ, સહુએ બરાબર પકડી લેવા જેવો નિયમ. આજના જગતમાં આત્માનાં ઓજસ ઝાંખાં પડી ગયેલાં લાગે છે. ચારેતરફ અનુકરણની જ બોલબાલા છે. જગતનાં ધોરણો આપણને દોરે છે. નકલમાં જ આપણે જીવનની ઈતિશ્રી માનીએ છીએ. મૌલિકતાઓ માટે આપણે કોઈ અવકાશ નથી રાખ્યો. પછી આપણામાં ઓજસ ઊગે કેમ?

જાણે કે આપણને પોતાની આગવી કેડી કોતરતાં આવડયું જ નથી. ઉપહાસથી આપણે ખૂબ ડરીએ છીએ. મશ્કરીનો ખૂબ ભય લાગે છે. દુનિયા શું કહેશે એ આપણી મોટી ચિંતા થઈ પડી છે. પાયથાગોરસ કહેતો કે, 'લોકો ભલે તમારે વિશે ગમે તે ધારે તમે જેને સત્કાર્ય માનતા હો તે આરંભી જ દો. નિંદાનો ડર ના-રાખશો. સ્તુતિની સ્પૃહા ના રાખશો.'

યાદ રાખો કે, જે માણસ ધક્કા મારીને આગળ ધસે છે તેને દુનિયા તરત જગા કરી આપે છે. આપણે કોઈનો ગરાસ નથી લૂંટી લેવો, પણ પોતાના અધિકાર તો મેળવવા છે જ. તમારા હરીફો પણ છેવટે તો માણસો જ છે ને? એ કોઈ દેવના દીકરા તો નથી ને? એમાં અકળામણ શી ? આવો, આત્માનાં ઓજસ પ્રગટાવો ને એ સશકત જીવનના સ્વામી બનો.

# તૃષારોગની વાર્તા

## સૌનું આરોગ્ય

**:: લેખક ::**
**વૈદ્ય પ્રદિપ આસ્તિક**
**૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ**



કારણ : તીખા તેમજ ખાટા પદાર્થોના સેવનથી અને અતિશ્રમ, ભય, તેમજ બળહાનિથી, વાયુ સહવર્તમાન જે પિત્ત હોય છે તે કુપિત થઈ ને તાલુસ્થાન તરફ જાય છે તે તૃષાને ઉત્પન્ન કરે છે.

પાણી પીવાં છતાં જેમને તરસ છીપતી નથી તે ફરી ફરીને પાણી પીવાની ઈચ્છા થાય છે તેને તૃષારોગ કહે છે.

૧. પાણીમાં બે-બે ચમચી મધ દિવસમાં ત્રણથી ચાર વખત પીવું.
૨. દૂધમાં ઘી નાખી સવાર-સાંજ પીવું.
૩. દ્રાક્ષ, નારંગી, વરિયાળી ગમે તે એકનું સરબત પીવું.
૪. જેઠીમધ, પીપર, અને વડના અંકુર ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, આ ચૂર્ણમાં ગોળી વળે એટલું મધ નાખી ચણીબોર જેવડી ગોળીઓ બનાવી લેવી. તૃષારોગના દર્દીએ આ ગોળી મોંમાં રાખી ચૂસ્યા કરવાથી તૃષારોગ અવશ્ય મટે છે.
૫. કાળી દ્રાક્ષ, ધાણા અને સાકર રાત્રે એક તોલો લઈ, એક ગ્લાસ પાણીમાં પલાળી, સવારે ચોળી, ગાળીને પી જવાથી તૃષારોગ મટે છે.

(૪૧) દમ-ાસ

કારણ : ધૂળથી, ધૂમાડાથી, ઠંડા પાણીના સેવનથી, આમદોષ વધી જવાથી, કબજિયાતથી, લૂખા ખોરાકના સેવનથી, શરીરના નાજુક અંગોમાં ઈજા થવાથી, યોગ્ય પોષણના અભાવે, શરદીથી, ઝાડાથી, તાવથી, ઊલટીથી, ક્ષય થવાથી વાયુની ગતિ ઊંચી થવાથી ાસ ચડે છે.

૧. મરી અને સાકરનું સમાન વજને ચૂર્ણ બનાવી, સવારે-બપોરે તથા રાત્રે ૦ાા - ૦ાા તોલો આ ચૂર્ણ પાણી સાથે લેવાથી દમ મટે છે.
૨. આદુનો રસ અને મધ સરખાભાગે એક-એક ચમચી દિવસમાં ત્રણ વખત ચાટવાથી દમ-ાસ મટે છે.
૩. કળથી બસો ગ્રામ રાત્રે પાણીમાં પલાળી સવારે થોડું મીઠું નાખીને તેને સારી રીતે બાફી કપડાથી નિચોવી તે પાણી ચા જેવું ગરમ-ગરમ પીવાથી દમના રોગોમાં ખૂબ રાહત રહે છે.
૪. એલર્જિક ાસરોગમાં હળદર ખૂબ સારૂ કામ આપે છે. હળદરને અંતધૂમ બાળી નાખી પછી તેની રાખ દિવસમાં ત્રણ વખત બે-બે વાલ જેટલી મધ સાથે ચાટવાથી ાસરોગમાં ચમત્કારિક ફાયદો થાય છે.
૫. અરડૂસીનાં પાન, હળદર, ધાણા, ગળો, ભારંગમૂળ, લીંડીપીપર, સૂંઠ, અને ભોરીંગણીનો સમાન વજને કવાથ બનાવી વિધિવત દિવસમાં બે વખત પીવાથી ાસના તીવ્ર વેગનું શમન થાય છે.
૬. બહેડાની છાલ ગ્રામ-૨૦૦, સોનાગેઢ ગ્રામ-૫, ફુલાવેલો ટંકણખાર ગ્રામ-૧૦, લેવાં. પહેલાં બહેડાનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં બીજી બંને દવા વસ્ત્રગાળ કરીને મેળવીને શીશી ભરી લેવી. આ દવા નિયમિત સવાર-સાંજ મધ સાથે ૦ા તોલો લેવાથી ખાંસી, ાસ, દમ વગેરે મટે.
૭. વહેલી સવારે પાંચ વાગે હરડે ચૂર્ણ એક ચમચી સહેજ કોકરવરણા પાણી સાથે લઈ, ત્રીસેક મિનિટ સૂઈ જવું. પછી ઊઠીને નિત્યકર્મ કરવું. આ પ્રયોગથી દર્દીને એકાદ બે પાતળા ઝાડા થશે, તેથી ગભરાવું નહીં. એકાદ માસના પ્રયોગથી વર્ષો જૂના દમ-ાસના દર્દીઓ રોગ મુકત બન્યા છે.

# આ મારું ચિત્ર છે




બોરસાણીયા હેત હરેશભાઈ
(ધોરણ-૮ શ્રી ઓકસ્ફર્ડ સ્કુલ ઓફ સાયન્સ)



પાથર મીત રાજેશભાઈ
(ધોરણ - ૭ રૂપાયતન પ્રા.શાળા)



કુરેશી સમદ જાકિરભાઈ
(ધો.રૂપાયત પ્રા. શાળા)



મહિડા જય નરેશભાઈ
(ધોરણ. -૮ શ્રી મોટા માડવડા પ્રા.શાળા)

# સાવરકુંડલા : માનવ મંદિરે મનોરોગી બહેનોનો ઐતિહાસિક રાસ ગરબા કાર્યક્રમ યોજાયો




સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલ મનોરોગી બહેનોના આશ્રય સ્થાન અર્થાત માનવ મંદિરે ગતરોજ શરદપૂર્ણિમાના પાવન અવસરે માનવ મંદિરના મનોરોગી બહેનો પણ પોતાના મનોભાવો વ્યકત કરીને શરદપૂર્ણિમાને પૂર્ણપણે માણી શકે એ ઉદેશ સાથે સાવરકુંડલાના આ માનવ મંદિર આશ્રમે મનોરોગી દીકરીઓનો ઐતિહાસિક શરદપૂર્ણિમા રાસ ગરબા કાર્યક્રમ (શરદોત્સવ) યોજાયો. જેમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં અમરેલી એસપી હિમકરસિંહ, અમરીશ ડેર, લોક સાહિત્યકાર મનસુખ વસોયા, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, અમરેલી જિલ્લા ભાજપ ડાયમંડ સેલના પ્રમુખ ઘનશ્યામ ડોબરીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શરદ પંડયા, લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડોકટર પ્રકાશ કટારીયા, એપીએમસી ચેરમેન દિપક માલાણી, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, માનવ મંદિરમાં જેની છેલ્લા ૧૨ વર્ષથી મનોરોગી દીકરીઓની સેવા કરવામાં આવે છે તેવા અમરેલીના પ્રખ્યાત મનોચિકિત્સક ડોકટર વિવેક જોશી અને ચંદ્રેશ બાબરીયા, એ.ડી. રૂપારેલ, અમરેલીના અબ્દુલ કલામ, વિઠ્ઠલભાઈ બાંભરોલીયા અને દીલાભાઈ ભાલાળા તેમજ માનવ મંદિરના દૂર દૂરથી અનેક સેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ શરદપૂર્ણિમા રાસ ગરબા મહોત્સવના પ્રત્યક્ષ સાક્ષી થવા માટે રાજકોટ, જામનગર, અમરેલી, સાવરકુંડલા સહિતના મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા અને મનોરોગી બહેનો સાથે રાસ ગરબા લીધા હતા. આ કાર્યક્રમની અંદર માનવ મંદિર આશ્રમને અમરેલીના રાહુલ બારોટની ઓરકેસ્ટ્રા દ્વારા વિનામૂલ્ય સહકાર સેવા પ્રદાન કરવામાં આવેલ. આ ઉપરાંત ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી દ્વારા ભોજન પ્રસાદ અને દૂધ પૌવાનો સેવા સહકાર પ્રદાન કરવામાં આવેલ. તેમ જુદા જુદા મહાનુભાવો દ્વારા માનવ મંદિર આશ્રમને સહયોગી થઈ આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. મનોરોગીઓના આ શરદપૂર્ણિમા રાસ ગરબા મહોત્સવમાં સૌથી આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું અંશુ ગુપ્તા. આ અંશુ ગુપ્તાએ સુંદર મજાના રાસ ગરબા, કથક નૃત્ય અને ગરબા ગાઈને ઉપસ્થિત તમામને પોતાની અસાધારણ કલા દ્વારા મંત્રમુગ્ધ કરી દીધા હતા. ત્યારે આ પ્રસંગે દિલીપ સંઘાણીએ મનોરોગી દીકરીઓની કરવામાં આવતી સેવા અને ભકિતરામબાપુની ભકિત તેમજ માનવ મંદિરની ભારોભાર પ્રશંસા કરી હતી. તેમણે પણ આ આશ્રમની લોકોએ એક વખત અવશ્ય મુલાકાત લેવી જોઈએ તેમ જણાવ્યું હતું. લોક સાહિત્યકાર મનસુખ વસોયાએ માનવ મંદિરનો પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન વિજય મહેતાએ કર્યુ હતું આમ શરદપૂર્ણિમાની આ રઢિયાળી રાતે માનવ મંદિર સંપૂર્ણપણે ખીલી ઉઠયું હોય તેવું વાતાવરણ જોવા મળ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આશ્રમના સેવકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### શ્રી તાપડીયા આશ્રમ ખાતે ભકતજનો દ્વારા

## બાબરા ખાતે શ્રી શ્રી ૧૦૦૮ પૂ. ઘનશ્યામદાસ બાપુનાં પ્રાગટય દિનની ઉજવણી કરવામાં આવી

### માર્કંડ પૂજા કરી બાપુનાં લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરાઈ

બાબરા, તા. ૧૮

બાબરામાં તાપડીયા આશ્રમ ખાતે મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુનાં પ્રાગટયદિનની ઉજવણી...... પવિત્ર આસો સુદ એકાદશીને તારીખ ૧૪/૧૦/૨૦૨૪ને સોમવારના દિવસે હર વર્ષની જેમ આ વર્ષે પણ બાબરા તાપડિયા અશ્રમ ખાતે મહામંડલેર શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મહંત શ્રી ઘનશ્યામ દાસજી મહારાજનાં પ્રાગટય દિન નિમિતે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પુજય ગુઢવર્ય ઘનશ્યામ દાસજી મહારાજનાં નિરોગી અને લાંબા આયુષ્ય માટે મર્કેન્ડ પૂજા નું આયોજન કરવામાં આવ્યું હતું. અને એકદમ સાદાઈ પૂર્વક પૂજય સદગુઢ ભગવાન ઘનશ્યામદાસબાપુના પ્રાગટય દિનની ઉજવણી કરાઈ હતી. આ તકે સદગુરૂ ભગવાન પુજય ઘનશ્યામ દાસ બાપુના સુરત રહેતા સેવક હિતેનભાઈ જસાણીએ હર વર્ષની જેમ પુજય બાપુનું પૂજન અર્ચન કરી સદગુરૂ ભગવાન ઘનશ્યામ દાસજી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

મહારાજનાં નિરોગી અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ તકે વંશ પરમ પારંગતનાં ભૂદેવ ડો. ગિરીશદાદા લક્ષ્મી શંકર દાદા શાસ્ત્રીજી, રાજકોટનાં વિદ્વાન બ્રાહ્મણ જગદીશ દાદા શાસ્ત્રી, નીખીલભાઈ કનૈયા અને મિહિર દાદા તેરૈયા સહિતનાં ભૂદેવોએ મંત્રો ઉચાર કરી સદગુરૂ ભગવાન પુજય ઘનશ્યામ દાસજી મહારાજનાં જીવન માટેની મંગલ કામના કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું **વિશ્વમાં સૌથી વધુ ૨૩.૪ કરોડ ગરીબો**

છે જયાં ઓછી અથવા કોઈ શાંતિ નથી. અહેવાલમાં જણાવાયું છે કે ગાઝામાં સંઘર્ષના પરિણામે કુલ વસ્તીના અંદાજીત ૮૩ ટકા લોકો આંતરિક રીતે વિસ્થાપિત થયા છે, ૨૦૨૩ના અંત સુધીમાં ગાઝાના ૬૦ ટકાથી વધુ હાઉસિંગ સ્ટોકના વિનાશને કારણે પરિસ્થીત વધુ વણસી ગઈ છે. ૨૦૧૦ થી, UNDP અને OPHIએ વાર્ષિક ધોરણે તેમનો બહુપરીમાણીય ગરીબી સૂચકાંક બહાર પાડયો છે, જેમાં કુલ ૬.૩ અબજની વસ્તી ધરાવતા ૧૧૨ દેશોમાંથી ડેટા એક્રીત કરવામાં આવ્યો છે. અનુક્રમણિકા અપુરતા આવાસ, સ્વચ્છતા, વીજળી રસોઈ, ઈંધણ, પોષણ અને શાળામાં હાજરી જેવા સૂચકોનો ઉપયોગ કરે છે.

‘‘અમરેલી એકસપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પાના ૮ ઉપરનું ચાલું **ધારીની એસબીઆઈ દ્વારા**

હોવા છતાં બેન્કના અધિકારીઓ દ્વારા આવી નોટિસ ઘોળીને પી જતાં આજે સ્થાનિક ગ્રામ પંચાયતના અધિકારીઓ દ્વારા આખરી નોટીસ ધારી સ્ટેટ બેન્કના મેનેજરને નોટીસ વાંચી સંભળાવી દીધા બાદ બાદ નોટીસ બેન્કના દરવાજે ચિપકાવી દેતા સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામેલ છે.

આ બનાવમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા સને ૨૦૧૭થી સ્થાનિક ધારી ગ્રામ પંચાયત કચેરીનો બાકી વેરો ભરાતો ના હોય જેથી રૂપિયા ૧૨,૮૩,૦૦૦ હજાર જેવા બાકી વેરા સામે ધારી ગ્રામ પંચાયત દ્વારા વસુલાતની કામગીરી હાથ ધરી હતી. અને આગામી તા. ૨૩/૧૦/૨૪ સુધીમાં જો ધારી ગ્રામ પંચાયતનો વેરો ભરપાઈ નહીં કરવામાં આવે તો બેન્કના કેશ કાઉન્ટર પર બેસીને સ્થાનિક વેરો અને દંડ સહિત રૂપિયા ૧૫ લાખ જેવી રકમ વસૂલવા ગ્રામ પંચાયત કાર્યવાહી હાથ ધરશે.

### સ્થાનિકોએ ચીફ ઓફીસરને આવેદનપત્ર પાઠવ્યું

## રાજુલાનાં શ્રીજી નગર સહિતનાં રહેણાંક વિસ્તારમાં ગટરનાં ગંધાતા પાણીથી પરેશાની

### ગંધાતા પાણીથી રોગચાળાઓ ખતરો ઉભો થયો

રાજુલા, તા. ૧૮

રાજુલામાં આવેલ શુભમ નગર, શ્રીજી નગર સદભાવ સોસાયટી તેમજ ગોકુલ નગરના રહેવાસીના લોકોએ એક આવેદન પાલિકાના ચીફ ઓફિસર તેમજ ધારાસભ્યને પાઠવ્યું. જેમાં રજુઆત કરવામાં આવી કે આ સોસાયટીમાં વડનગરમાંથી આવતુ પથ્થરની ખાણનું પાણી તથા ગટરનું ગંદુ પાણી આ સોસાયટી વિસ્તારમાં આવે છે. અને આ ગંદુ પાણી રોડ ઉપર વહે છે. અને અમુક જગ્યાએ પાણીની લાઈનો તુટી ગયેલ હોવાથી પાણી રોડ ઉપર વહી જાય છે અને પાણીનો બિનજરૂરી વેડફાટ થાય છે અને તેને લઈને અમુક જગ્યાએ ભાણી ભરાઈ જતુ હોવાથી ગંદકી થાય છે અને મચ્છરનો ઉપદ્રવ થાય છે. અને જેને લઈને ગંભીર રોગચાળો ફાટી



નિકળવાની સંભાવના છે. તેમજ અમારા વિસ્તારનો આ પ્રશ્ન ઘણા વર્ષોથી છે અને આ બાબતે અમારા દ્વારા અવાર નવાર રજુઆતો કરવામાં આવેલ છે આમ છતાં આ બાબતે કોઈ નકકર કામગીરી કરવામાં આવતી નથી. તો આપ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી અમારા પ્રશ્નનું નિરાકરણ કરી આપવા નમ્ર વિનંતી સહ અરજ છે. તેમજ અમારા આ પ્રશ્ન ૧૦ દિવસમાં નિરાકરણ નહી થાય તો અમારે આ વિસ્તારમાં હિજરત કરવાની ફરજ પડશે અથવા તો દિવાળી નવા વર્ષ જેવા તહેવારમાં અમારે ઉપવાસ ઉપર બેસવાની ફરજ પડશે. તેવું આ આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે. ત્યારે હવે જોવાનું એ છે કે આ ગંભીર પ્રશ્ન બાબતે યોગ્ય થશે કે કેમ?

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૬૮ | ૧૧૮૧ |
| ૨ | શિંગ મોટી | ૭૯૫ | ૧૧૬૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૫૮૮ |
| ૫ | તલ કાળા | ૨૧૮૦ | ૩૭૭૬ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૦૦૫ | ૩૨૯૩ |
| ૭ | બાજરો | ૩૬૫ | ૫૦૧ |
| ૮ | જુવાર | ૪૦૫ | ૭૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૫૪ | ૬૬૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૭૭ |
| ૧૧ | મકાઈ | ૫૭૦ | ૫૭૦ |
| ૧૨ | મગ | ૬૫૦ | ૧૪૧૫ |
| ૧૩ | અડદ | ૭૦૦ | ૧૫૨૫ |
| ૧૪ | ચણા | ૮૫૫ | ૧૫૦૧ |
| ૧૫ | કપાસ | ૭૦૦ | ૧૬૫૧ |
| ૧૬ | એરંડા | ૧૨૨૨ | ૧૨૪૫ |
| ૧૭ | જીરૂ | ૩૯૯૦ | ૪૪૭૫ |
| ૧૮ | ધાણા | ૧૧૨૫ | ૧૩૭૦ |
| ૧૯ | સોયાબીન | ૬૦૦ | ૯૧૧ |
| ૨૦ | રજકાનું બી | ૩૩૭૫ | ૫૨૬૦ |
| ૨૧ | વરીયાળી | ૧૦૯૦ | ૧૩૧૦ |
| ૨૨ | સુર્યમુખી | ૮૦૦ | ૮૦૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૮૦ | ૧૬૩૦ |
| ૨ | કપાસ કોડી | ૯૦૦ | ૧૨૮૦ |
| ૩ | મગફળી નવી | ૮૮૦ | ૧૧૦૦ |
| ૪ | મગ | ૧૩૪૫ | ૧૫૮૫ |
| ૫ | અડદ | ૧૨૫૫ | ૧૪૯૫ |
| ૬ | ઘઉં | ૪૮૦ | ૬૫૦ |
| ૭ | સોયાબીન | ૭૯૧ | ૮૦૯ |
| ૯ | તલ સફેદ | ૧૯૯૫ | ૨૩૮૫ |
| ૧૦ | જીરૂ | ૪૦૧૦ | ૪૬૦૦ |
| ૧૧ | ચણા | ૧૩૩૯ | ૧૬૦૧ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૦ | ૧૧૨૧ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૨૩૬ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૫૦ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૩૪૮૧ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૩૫૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૬૨૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૩૨ | ૬૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૩૩ |
| ૯ | બાજરો | ૪૨૫ | ૪૯૦ |
| ૧૦ | મકાઈ | ૪૦૪ | – |
| ૧૧ | અડદ | ૧૦૭૫ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૧૨૭૮ | ૧૪૧૧ |
| ૧૩ | સોયાબીન | ૬૬૭ | ૭૯૦ |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૫૮ | ૧૫૩૮ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૬ | ૧૫૨૬ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | અડદ | ૯૦૦ | ૧૧૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૫૨ | ૫૬૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૯૦ | ૫૯૦ |
| ૪ | ચણા સફેદ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૫ | ચણા | ૯૪૫ | ૧૩૨૩ |
| ૬ | જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ૭ | અડદ | ૯૯૯ | ૧૩૯૫ |
| ૮ | ધાણા | ૧૦૩૫ | ૧૧૮૦ |
| ૯ | સોયાબીન | ૫૩૦ | ૮૨૩ |
| ૧૦ | બાજરો | ૪૦૭ | ૪૦૭ |
| ૧૧ | મગફળી | ૫૨૨ | ૮૮૦ |
| ૧૨ | શીંગદાણા | ૯૦૦ | ૧૦૫૧ |
| ૧૩ | તલ સફેદ | ૧૭૩૫ | ૨૨૮૦ |
| ૧૪ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| ૧૫ | લસણ | ૩૧૧૫ | ૩૧૧૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૮૦૧ | ૯૯૮ |
| ૩ | મગફળી–૬૬ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૪ | ચણા | ૧૩૫૧ | ૧૩૫૨ |
| ૫ | અડદ | ૧૨૧૨ | ૧૨૧૨ |
| ૬ | સોયાબીન | ૫૦૦ | ૭૯૨ |
| ૭ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૭૦ | ૮૭૪ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૭૬ |
| ૩ | તલ કાળા | ૩૫૫૦ | ૩૬૨૫ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૫૨૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૪૬ | ૬૧૨ |
| ૭ | જુવાર | ૪૩૬ | ૭૮૧ |
| ૮ | મકાઈ | ૫૩૧ | ૫૩૨ |
| ૯ | મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૧ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૨૦૦ | ૧૨૭૫ |
| ૧૨ | જીરૂ | ૪૧૧૫ | ૪૩૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| ૧૪ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૫ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |

# ખાંભા ખાતે 'સેમસંગ' સહિતની ઈલેક્ટ્રોનિક્સ આઈટમનાં શો-રૂમનો પ્રારંભ



ખાંભા ખાતે "સેમસંગ" સહિતની કંપનીનાં ટીવી, ફ્રીજ, એસી, ઘરઘંટી, વોશિંગ મશીન સહિતના ઉપકરણનાં આધુનિક શો–રૂમ "રામ ઈલેક્ટ્રોનિસક" નો દબદબાભેર પ્રારંભ વાસુરભાઈ ભુવા, દડુભાઈ ભાદરકા, માણસુરભાઈ ભાદરકાનાં વડીલોનાં વરદ હસ્તે કરવામાં આવેલ.

### પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાની મહેનત રંગ લાવી

## લાઠી અને દુધાળામાં ૨૮મી ઓક્ટોબરે પ્રધાન મંત્રી મોદીના આગમનને લઈને તડામાર તૈયારી

### વાહન પાર્કિંગ, સભાખંડની કામગીરીમાં તંત્ર જોતરાયું

લીલીયા, તા. ૧૮

લાઠી અને દુધાળા ખાતે આગામી તા. ૨૮મી ઓકટોબરે વડાપ્રધાન નરેન્દ્રમોદી લાઠી ખાતે સભા સંબોધન માટે અને દુધાળા નજીક ગાગડીયો નદસ પર રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે બનાવવામાં આવેલ ભારતમાતા સરોવરના ઉદઘાટન માટે આવી રહ્યા છે તેને લઈ વહીવટી તંત્ર અને ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા તૈયારીઓ પુર જોશમાં ચાલી રહી છે.



વડા પ્રધાન મોદી દુધાળા નજીક જયાં ઉતરવાના છે તે સ્થળ પર હેલીપેડ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જે રૂટ પરથી પસાર થવાના છે. તે સમગ્ર રૂટ રોડ કાર્પેટિંગ, વાહન પાર્કિંગ અને સભાખંડ સહિતની કામગીરી વહીવટીતંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.વડાપ્રધાન મોદી બપોરાના ૩ કલાકે આવનાર હોય અને સાંજના ૫ : ૦૦ કલાક સુધી રોકાણ કરશે જેમા લાઠી જાહેર સભાનું સંબોધન ભારત માતા સરોવરનું લોકાર્પણ હેતની હવેલી ખાતે મુલાકાત લેનાર હોવાનું જાણકાર સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.વડાપ્રધાન મોદીના આગમનની તૈયારીના ભાગરૂપે અમરેલી જીલ્લાનું વહીવટી તંત્ર લાઠી પહોંચ્યું હતું. જેમાં જીલ્લા કલેકટર અશોક દહીયા, એસ.પી. હિમકરસિંહ લાઠી પ્રાંત બ્રહ્મભટ્ટ, ડી.વાય.એસ.પી. ચિરાગ દેસાઈ સહિત ધોળકીયા ફાઉન્ડેશનના પદ્મ સવજીભાઈ ધોળકીયા, તુલસીભાઈ ધોળકીયા, નિતીનભાઈ સાવલીયા, કનકભાઈ પટેલ સહિત હોદેદારએ સમગ્ર આયોજનને લઈ ચર્ચા સમીક્ષા કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન મોદીના આગમનને લઈ હેતની હવેલીને જોઈ નવેલી દુલ્હનની જેમ રોશનીથી શણગારમાં આવી રહી છે. અને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેમ મનોજ જોષીની યાદીમાં જણાવેલ છે.

### પત્રકાર સમીર વીરાણી દ્વારા

## બગસરા પોલીસ સ્ટેશનમાં વાર્ષિક ઈન્સ્પેકશન દરમિયાન એસપી હિમકરસિંહનું સન્માન કરાયું

### પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું

બગસરા, તા. ૧૮

અમરેલી જિલ્લાના બાહોશ અનેજાબાજપોલીસવડાહિમકરસિંહદ્વારા બગસરા પોલીસ સ્ટેશનના વાર્ષિક ઈન્સ્પેકશન દરમિયાન આગમન થતા બગસરાનાજાણીતાપત્રકારસમીરવિરાણી દ્વારાતેમનુંપુષ્પગુચ્છઆપીસન્માનકરવામાં આવ્યુંહતું.તેમજબગસરાપોલીસસ્ટેશનમાં એસ.પીદ્વારાપોલીસપરેડતથાઈન્સ્પેકશન કરવામાંઆવ્યુંહતું.જેમાંબગસરાપોલીસ સ્ટેશનના પીઆઈ સાલુખે તથા



પીએસઆઈ ગઢવી તથા પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા.


### માળી સમાજના અગ્રણી રાજુભાઇ સોરઠીયા દ્વારા

## બાબરાનાં અમરાપરામાંથી બગદાણા સુધી ૪૦ વખત પદયાત્રા યોજાઈ

### ૫૧ વખત પદયાત્રા કરી દર્શન કરવાનો સંકલ્પ

બાબરા, તા. ૧૮

બાબરા અમરાપરા ગામ રહેતા માળી સમાજના અગ્રણી રાજુભાઈ સોરઠીયા બગદાણા પૂજય બજરંગદાસ બાપા પ્રત્યે ખુબજ શ્રદ્ધા ધરાવે છે અને તેઓ દર વર્ષે અમરાંપરા ગામથી બગદાણા સુધીની પદયાત્રા યોજે છે જેમાં તેમની સાથે યોગેશભાઈ મીઠાપરા, ગોવિંદભાઈ તાગડીયા, તલસીભાઈ વસ્તરપરા, પ્રકાશભાઈ માંડાણી, હિતેશભાઈ સોલંકી, ધનજીભાઈ મોરબી વાળા ભદ્રેશભાઈ અમદાવાદવાળા નાનુભાઈ પરમાર



સહિતનાસ્નેહીજનોમિત્રોવગેરેજોડાય છે.

રાજુભાઈસોરઠીયાદરવર્ષે કોઈપણ જાતના સ્વાર્થ વગર બગદાણા સુધીની પદયાત્રા યોજે છે વર્ષોથી યોજાતી આ પદયાત્રામાં અત્યાર સુધીમાં૪૦વખતપગપાળાદર્શનકરી ચુકયા છે અને ૫૧ વખત પગપાળા પૂજય બાપાના દર્શન કરવાનો શુદ્ધ સંકલ્પ કરવામાં આવ્યો છે.

## સાવરકુંડલા : બ્રહ્મ સેનાનો શરદોત્સવ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા બ્રહ્મ સમાજ પરિવાર પ્રેરિત બ્રહ્મસેના આયોજિત શરદપૂર્ણિમાની ઉજવણી ભવ્ય રીતે કરી હતી. આ ઉત્સવમાં શક્તિ નવરાત્રી મહોત્સવ અને શરદપૂર્ણિમા ઉત્સવની ઉજવણી સાથે, સાવરકુંડલા ખાતે આવેલ બ્રહ્મપુરી ઉપરનો વિભાગ નિર્માણના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ૫ થી ૧૫ વર્ષના તમામ બાળકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. વિશેષ તરીકે, ભારતના રતન ટાટાને બ્રહ્મબંધુઓ રક્તદાન કરી રક્તરૂપી સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

બ્રહ્મ સમાજના તમામ પરિવારોએ આ રાસોત્સ મોટી સંખ્યામાં આ તહેવારને વધુ ખાસ બનાવ્યો હતો. તેમજ બ્રહ્મ સેનાએ દાતાઓ બ્રહ્મપુરીના દાતાઓ તેમજ તમામ બાળકોઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. નવરાત્રી દરમિયાન ભવ્ય આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર દુષ્યંતભાઈ મનોજભાઈ ત્રિવેદી (એડવોકેટ, ૐ એસ્ટેટ બ્રોકર) રહ્યા હતા. સાવરકુંડલા બ્રહ્મ સેનાના નાનાથી લઈને મોટા સુધીના સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

સાવરકુંડલા બ્રહ્મ સેનાનો આ શરદોત્સવ માત્ર એક ઉત્સવ જ નહીં, પરંતુ સમાજ સેવા, સંસ્કૃતિ અને એકતાનો એક અનોખો સંગમ હતો. આવા કાર્યક્રમો સમાજમાં સકારાત્મક વાતાવરણનું નિર્માણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

## મોટા આંકડીયામાં ૨૨ દિકરીઓને શરદ પુર્ણિમાએ ભેટ અર્પણ કરાઈ



અમરેલી, તા. ૧૮

અમરેલીના મોટા આંકડીયા ગામે રવાની પરિવાર દ્વારા ૨૨ દિકરીઓને શરદ પુર્ણિમાનાં અવસરે ભેટ અર્પણ કરવામાં આવી હતી.

## અમરેલી : યૂનિટી હાઈસ્કુલનાં વિદ્યાર્થી નિલેશ ડાભીએ ગૌરવ વધાર્યુ

અમરેલી, તા. ૧૮

અમરેલી કલા ઉત્સવ અંતર્ગત અમરેલી S.V.S કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

ઉપકરોત સ્પર્ધામાં યુનિટી વિદ્યાર્થીએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જેમાં શાળાના વિદ્યાર્થી ડાભી નિલેશ ભાવેશભાઈ વિજેતા જાહેર થઈ શાળાને ગૌરવ અપાવેલ છે.

S.V.S કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ ઉપકરોત વિદ્યાર્થી વિજેતા થતા સમગ્ર ટ્રસ્ટીગણ, સ્ટાફ તેમજ આચાર્ય ભરતભાઈ મહેતાએ અભિનંદન પાઠવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલી ખાતે સંતશ્રી જાગા સ્વામીની જન્મ જયંતીની આસ્થાભરે ઉજવણી કરાઈ

અમરેલી, તા. ૧૮

જયશ્રી સંતશ્રી જાગા સ્વામીની જય

સમસ્ત મોચી જ્ઞાતીના ધર્મગુરૂ એવા સંતશ્રી જાગા સ્વામીની ૧૯૮મી જન્મ જયંતિ નિમિતે અમરેલી શહેરના અને સમગ્ર પંથકમાં વસતા મોચી સમાજ વતી અમરેલીનાં હિરેનભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને અમરેલી શહેરમાં સંતશ્રી જાગા સ્વામીની જન્મ જયંતિ ઉજવાય રહિ છે ત્યારે એ ઐતિહાસિક પરિવર્તનનાં સમયમાં શ્રી જાગા સ્વામી નો જન્મ આઢાની સમઢીયાળા પાસે ભાવનગરના તાબે જોગીદાસ ખુમાણની આંબરડી ગામમાં અતિ ધાર્મિક વૃતિ અને શુધ્ધ આચાર વિચાર યુકત રાઠોડ કુટુંબમાં સંવત ૧૮૮૩નાં આસોવદ–૨ને સોમવારે બપોરનાં થયો હતો તેમના પિતાનુ નામ રાધવભકત અને માતાનુ નામ રતનબાઈ હતુ જ્ઞાતિમાં રાધવભકતનુ ઘર મુખ્ય ગણાતુ હતુ.બાળપણથી જ જાગા ભકતની આકૃતિ અતિ સૌમ્ય શાંત અને તેજસ્વી હતી નાનપણથી જ તેઓ સંસારિક પદાર્થ અને વિષયો તરફ અરૂચિ અને વૈરાગ્ય સેવતા હોય એમ લાગતુ–મુકતાત્માઓના જીવન પ્રથમથી જ સામાન્ય જીવોથી સર્વદા જુદા હોય છે સવારે વહેલા (સુરવડી નદીએ) નહાવા જવુ, પુજા કરવી



દુકાનમાં કામ શીખવુ બાળમિત્રો સહિત ધ્યાન, ભજનમાં આનંદ માણવો માળા ફેરવી એ તેમનુ સાત વર્ષની ઉમરથી ભકિતમય કામ હતુ સવંત ૧૮૯૫ માં અગીયાર વર્ષની વયે એક દિવસે વહેલા નદી એ નાહવા ગયા હતા ત્યાં જાગાભકતને મોટા પરમાનંદ સ્વામી મંડળ સહિત દર્શન થયા હતા.

જાગાભકતે તેમને ભાવથી દંડવત પ્રણામ કરી હાથ જોડી વિનયથી જય શ્રી સ્વામીનારાયણ કહયા સુ.ગુ. પરમાનંદ સ્વામી એ જાગાભકત ને શ્રીજી મહારાજના પ્રાગટપણાની તથા સર્વો પરિપણાની બહુ વાતો કરી અને પોતાની સ્મૃતિ સ્વરૂપે એક કંઠી ધર્મ ભકતી સહિત શ્રીજી મહારાજની મૂર્તિ આવી આમ સંત શ્રી જાગા સ્વામીનો વૈરાગ્યનો રસ્તો ચાલુ થઈ ગયો અને અનેક પરચા તથા અને મહાપુરૂષ સાથેની વાતો થાય છે આમ જાગા સ્વામીનું વૈરાગ્ય જીવન સફર શરૂ થાય છે.

દશમની રાત્રે મંગળવારે તા. ૨૯/૦૧/૧૯૦૧ સ્વામી શ્રી જાગાભકતને શરદી જણાતી હતી તેથી સગડી કરી શેક કરતા હતા ઢોલીયાની એક ઈસ ઉપર રણછોડભકત અને બીજી ઈસ ઉપર પ્રભુદાસ કોઠારી બેઠા હતા અને શાસ્ત્રીશ્રી પ્રજ્ઞાપુષ્પદાસજી, હરિપ્રસાદદાસ, વજાજીભાઈ, રામભાઈ, કતાજીભાઈ વિગરે ભકતો આદી સૌ સન્મુખ દર્શન કરતા બેઠા હતા રણછોડભકતને સાવધાન રહેવા કહયુ હતુ શેક દરમ્યાન રણછોડ ભકતે સ્વામી જાગા ભકતના શરીર હાથ મુકતા તો શરીર બહુજ ટાઠુ લાગ્યુ એ વાત પભુદાસ ને કરી એટલામાં તો સ્વામી જાગાભકત ઢોલીયામાં બેઠા થઈ સ્વસ્તીક આસન વાળીને બેઠા અને બધાને જયશ્રી સ્વામીનારાયણ કહીને અંતર સન્મુખ દ્રષ્ટિ કરી ગયા આમ રાતના બાર ઉપર પોણા કલાકે શ્રીજી મહારાજ સ્વામી અને અનંત કોટી મુકતોના દિવ્ય દર્શન સહીત શ્રી જાગાભકત સ્વતંત્ર થયા અક્ષરધામા પધારતા હતા. આમ અમારી સમસ્ત મોચી જ્ઞાતિ નાં ધર્મગુરૂ એવા સંતશ્રી જાગાસ્વામીની ગાથા તો ઘણી છે પણ સ્વામીનો ટુંકમાં સાર છે, જયશ્રી સંતશ્રી જાગાસ્વામીશ્રી.

### ડીસ્ટ્રીકટ જજ રીઝવાના બુખારીએ પ્રેરણા આપતા

## અમરેલી જીલ્લા જેલ ખાતે કેદીઓનું માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટે વિપશ્યના શિબિર યોજાઈ

### આત્મ નિરીક્ષણ દ્વારા આત્મ શુધ્ધિ કરવા માટેનો પ્રયાસ

અમરેલી, તા. ૧૮

વિપશ્યના સાધનાએ ધ્યાનની સર્વશ્રેષ્ઠ પધ્ધતિ માનવામાં આવે છે. ભગવાન બુધ્ધએ અઢી હજાર વર્ષ પહેલાં આ સાધનાનો આવિષ્કાર કી જનસામાન્યને અમૂલ્ય ભેટ આપી હતી. અંતરમનની ઉંડાઈઓમાં જઈને આત્મ નિરક્ષણ દ્વારા આત્મશુધ્ધિ કરવાની આ સાધના છે. આ સાધના સમાજનાં તમામ વર્ગમાં અત્યંત લોકપ્રિય છે.આજથી ઘણા વરસ પહેલાં કિરણ બેદી દ્વારા તિહાડ જેલમાં વિપશ્યના સાધનાની શરૂઆત કરવામાં આવી હતી. જેનાં સારા પરિણામો સાંપડતા, ત્યાં કાયમી ધોરણે વિપશ્યના સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. જેલમાં કેદીઓએ એક એવો વર્ગ છે કે જેમને આ સાધના થકી મનનું સ્વાસ્થ્ય સુધારવાની અત્યંત આવશ્યકતા રહે છે. આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને અમરેલીનાં ડીસ્ટ્રીકટ જજ રીઝવાના બુખારીએ જીલ્લા જેલ અમરેલી ખાતે વિપશ્યના પરિચય શિબિર કરવાની પ્રેરણા આપેલ હતી. જેથી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં સેક્રેટરી આર.વાય.ત્રિવેદી તથા જેલ અધિક્ષક ડી.પી.રબારીએ જહેમત ઉઠાવી અમરેલી જેલ ખાતે વિપશ્યના પરિચય શિબિરનું આયોજન કર્યુ હતું. અમરેલી વિપશ્યના કેન્દ્રનાં માર્ગદર્શક દ્વારકાદાસ લલાડીયાએ જીલ્લા જેલ ખાતે સદર શિબિરમાં વિપશ્યના અંગે વિસ્તૃત જાણકારી આપીને ૩૦૦થી વધુ કેદીઓને આનાપાન ક્રિયા દ્વારા વિપશ્યનાનાં પ્રથમ પગથિયાનો અનુભવ કરાવેલ હતો.

કાર્યક્રમ દરમિયાન કેદીઓને ડોકટરની દ્રષ્ટિએ વિપશ્યના પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન વિપશ્યનાનાં જુના સાધક તરીકે વિનુભાઈ રિબડીયા, અનિલસિંહ જનવાર તથા મુકેશભાઈ સંપટનો સહયોગ સાંપડયો હતો.આ વિપશ્યના શિબિર થકી માનસિક તણાવ દૂર થતાં કેદીઓએ હળવાશની અનુભૂતિ કરી હતી અને ૧૦ દિવસીય સંપૂર્ણ શિબિરનું જેલ ખાતે આયોજન કરવા માટેની માંગણી કરી હતી.કાર્યક્રમનાં અંતે જેલ અધિક્ષક ડી.પી. રબારી અમરેલી વિપશ્યના કેન્દ્રના તથા જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળનો આભાર વ્યકત કર્યો હતો.

### રાજ્યમાં પોલીસ ભરતી અને પ્રમોશનને લઈને મોટા સમાચાર

## હાઈકોર્ટે ભરતી કરવા માટે રાજ્ય સરકારને કરી ટકોર

અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં પોલીસ ભરતી અને પ્રમોશનને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે હાઈકોર્ટમાં આ અંગે માહિતી આપી છે. ડિસેમ્બર ૨૦૨૪ સુધી ૩૮૦૦થી વધુ આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર અને હેડ કોન્સ્ટેબલની બઢતી કરાશે. માર્ચ ૨૦૨૫ સુધીમાં ૧૪૧૪ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરને પ્રમોશન અપાશે. સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પોલીસ વિભાગમાં ખાલી પડેલી તમામ જગ્યાઓ ભરવા સરકાર પ્રયાસ કરશે. તો માર્ચ ૨૦૨૫ સુધીમાં ૧૪૧૪ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરને પ્રમોશન આપવાની સરકારે માહિતી આપી છે. સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પોલીસ વિભાગમાં ખાલી પડેલી તમામ જગ્યાઓ ભરવા સરકાર પ્રયાસ કરશે. હાઈકોર્ટે રાજ્યમાં પોલીસ અકેડેમી વધારવાની જરુર જણાવી છે. ત્રણ જેટલી નવી પોલીસ એકેડમી ઊભી કરવા હાઈકોર્ટનું સરકારને સૂચના આપી છે. ભરતી પ્રક્રિયા માટે ગુજરાતના ઉમેદવારોને અન્ય રાજ્યોની પોલીસ એકેડેમીમાં મોકલવા પણ સૂચન કર્યું છે. એક અઠવાડિયામાં કાર્યવાહી કરી યોગ્ય જવાબ આપવા સરકારને આદેશ આપ્યો છે. પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓને લઈને ઉંઝએ ચિંતા વ્યક્ત કરી છે. PI અને PSI ની ખાલી જગ્યાઓ મામલે વ્યક્ત ચિંતા કરી છે. કોર્ટના નિર્દેશ બાદ આગામી ભરતીનું કેલેન્ડર રજૂ કરાયું.DGPએ ભરતી અંગે કોર્ટમાં સોગંદનામુ કર્યું છે. ૨૦૨૬ સુધીમાં તમામ જગ્યાઓ પર ભરતી પૂર્ણ કરવા સરકારી વકીલની ખાતરી આપી છે. વિવિધ પદો માટેના ફિઝિકલ ટેસ્ટ નવેમ્બર-ડિસેમ્બરમાં પૂર્ણ કરાશે તેવી સરકારી વકીલ દ્વારા જણાવવામાં આવ્યુ છે.જાન્યુઆરીમાં પરિણામ જાહેર કરી દેવામાં આવશે. ફેબ્રઆરીથી જૂન સુધીમાં સબ્જેક્ટિવ લેખિત પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ ઑગસ્ટ સુધીમાં ફાઈનલ મેરીટ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત સપ્ટેમ્બર સુધીમાં પ્રથમ ફેઝની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. તેમજ ૨ ફેઝમાં પરીક્ષા લેવા અંગે કોર્ટે ટકોર કરી છે. બંને ફેઝ અલગ – અલગ કરવાની શું જરૂર છે? બંને જોડે કેમ ન થઈ શકે? જેવા અનેક સવાલો હાઈકોર્ટે કર્યો.

### દેશની સૌથી મોટી સરકારી બેન્કનાં અધિકારીઓની નિષ્ક્રીયતા

# લ્યો બોલો : ધારીની એસબીઆઈ દ્વારા ગામ પંચાયતનો બાકી વેરો ભરવામાં ઠાગાઠૈયા

### રૂપિયા ૧૨.૮૩ લાખની રકમ બાકી હોય ગામ પંચાયત આકરા પાણીએ

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલામાં મોબાઈલ ટાવર બાદ દેશની સૌથી મોટી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા પણ સ્થાનિક સંસ્થાના કરવેરા ભરવામાં અખાડા કરતી હોય. ત્યારે આવી બેન્કને અગાઉ ધારી ગ્રામ પંચાયત દ્વારા ત્રણ ત્રણ વખત વેરો ભરપાઈ કરવા નોટિસ આપવા છતાં આવી નોટિસને ઘોળીને પી જનાર બેન્કને આખરી નોટિસ ફટકારી દેતા ધારી પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ ધારી ગામે આવેલ દેશની સૌથી મોટી સ્ટેટ બેન્ક આફ ઈન્ડિયા દ્વારા સને ૨૦૧૭થી સ્થાનિક ધારી ગ્રામ પંચાયત કચેરીનો બાકી વેરો ભરાતો ના હોય. જેથી સ્થાનિક ધારી ગ્રામ પંચાયત કચેરી દ્વારા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના અધિકારીઓને વેરો ભરપાઈ કરવા ત્રણ ત્રણ નોટિસો અગાઉ આપવામાં આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર



### વગર ડીગ્રીએ દર્દીઓની સારવાર શરૂ કરી

# દામનગરનાં વ્રજ કોમ્પ્લેક્ષમાંથી ઉઘાડપગા તબીબને ઝડપી લેવાયો

### શાખપુર ગામનાં આસિફભાઈ વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૧૮

લાઠી તાલુકાના શાખપુર ગામે રહેતા આસીફભાઈ આરીફભાઈ સૈયદ નામનાં આરોપીએ પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર દામનગર ગામે પટેલવાડીની સામે વ્રજ કોમ્પ્લેક્ષમાં આવેલ ઓમ સાંઈ કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી. મેડિકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રીઓનો મુદ્દામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરતા હોય. આ બનાવ અંગે લાઠી તાલુકા આરોગ્ય અધિકારી રતીલાલભાઈ રામજીભાઈ મકવાણાએ આરોપી આસીફભાઈ આરીફભાઈ સૈયદ વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


































*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)